| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૭ / ૦૩ / ૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૩ / ૦૩ / ૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૧૨ / ૦૩ / ૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

सत्यमेव जयते

## મે. મહેસાણાના એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ, એટઃ– વિસનગર.

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૪૩/૨૦૨૬.**
આંક–૦૭.

અરજદારઃ– ૧. **ઠાકોર અર્જુનજી ઉર્ફે એકે દિવાનજી,**
ઉ.વ.આ.– ૨૭, ધંધો.– મજુરી,
રહે.– સંતોકપુરા,
તા.– ખેરાલુ, જી.– મહેસાણા.

**વિ રૂ દ્ધ**

સામાવાળાઃ– ૧. ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**બાબતઃ–** – ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા અરજ...

| | |
|---|---|
| અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી | વિજય બી. ઠાકોર. |
| સામાવાળા તરફે વિદ્વાન એડિ.પી.પી.શ્રી | એ. એસ. મકવાણા. |

**––// ઠ રા વ //––**

(૧).. અરજદાર/આરોપી તરફે સદર જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ નીચે દાખલ કરીને ખેરાલુ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૨૩૨૬૦૫૩૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબની ફરિયાદ

તા.૨૮–૧૧–૨૦૨૫ ના રોજ આ કામે ફરિયાદીએ દાખલ કરેલ છે. જે કામમાં અરજદાર/આરોપીની ખેરાલુ પોલીસે અટક કરી નામદાર કૉર્ટમાં રજુ કરેલ ત્યારથી અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં મુકેલ છે.

ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી નામદાર કૉર્ટમાં ચાર્જશીટ કરેલ છે અને જેનો સેશન્સ કેસ નંબર–૧૪૨/૨૦૨૬ નો પડેલ હોય અને અરજદાર/આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ બાદની હાલની રેગ્યુલર જામીન મેળવવા હાલની જામીન અરજ દાખલ કરેલી છે.

(૨).. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ ગુનામાં સીધા કે આડકતરી રીતે સંડોવાયેલ નથી કે કોઇપણ પ્રકારના ગુના સબબ ભાગ ભજવેલ નથી તેમજ આરોપીએ કોઇને માર મારેલ નથી કે કોઇ પણ વ્યક્તિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. આરોપી મજુરી કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે તેમજ તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે છે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી ઉપરોક્ત સરનામે રહેતા હોય ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવામાં આવશે તો નામદાર કૉર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તેઓ તૈયાર છે અને નામદાર કૉર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર છે. અરજદાર/આરોપી તરફે આંક–૦૩ ના લીસ્ટથી જુદા જુદા દસ્તાવેજો રજુ કરેલા છે જેમાં નિશાની–૦૩/૦૧થી

એફ.આઈ.આર.ની નકલ તથા નિશાની–૦૩/૦૨થી ચાર્જશીટની નકલ તથા અન્ય હુકમોની નકલો રજુ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના અન્ય સહ આરોપીને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા R/Criminal Misc. Application (For Regular Bail–Befor Chargesheet) No.–711/2026, Da.20–02–2026 ના કામે જામીન મુક્ત કરવામાં આવેલ હોય હાલના અરજદર/આરોપીને લો ઓફ પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે અને જેનો સેશન્સ કેસ નંબર–૧૪૨/૨૦૨૬ નો પડેલ હોય અને અરજદાર/આરોપીની તપાસના કામે કોઈ જરૂરિયાત ન હોય અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા વિનંતી કરેલ છે.

(૩).. ઉપરોક્ત હકીકત તળે સરકારશ્રીને નોટીસ કરતાં જેના અનુસંધાને સરકારશ્રી તરફથી વિદ્વાન પબ્લીક પ્રોસીક્યુટર શ્રી એ. એસ. મકવાણાનાઓ હાજર થયેલા છે અને આંક–૦૬થી તપાસ કરનાર અમલદારશ્રીએ સોગંદનામું રજુ કરેલ છે. શ્રી દરજીએ ભારપુર્વક એવી રજુઆત કરેલ છે કે, આ કામે હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી નંબર–૦૧ નાએ જાનથી મારી નાખવાના ઈરાદે સાહેદ ગોસ્વામી પિયુષને છાતી તથા પેટની વચ્ચે જમણી બાજુના ભાગે તથા જમણા કાનની ઉપરના માથાના ભાગે છરી મારી તેમજ આરોપી નંબર–૦૨ નાએ ફરીયાદીની છાતીની જમણી બાજુથી નીચે સુધી તથા બરડાના ભાગે છરીના ઘા કરી તેમજ આરોપી નંબર–૦૩ના એ

સાહેદ મુકેશ ચૌધરી નાઓને જમણા ખભાના પાછળના ભાગે છરી મારી તેમજ ઉપરોકત ત્રણેય આરોપીઓએ ફરીયાદીના ભાઇને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજી.સાના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે.

વધુમાં આ કામના અરજદાર/આરોપીનું નામ પ્રથમથી જ એફ. આઇ. આર. માં છે. જો આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો ગુનો કરવાળાને પ્રોત્સાહન મળી રહે તેવી પુરેપુરી શક્યતા રહેલ છે તેમજ ફરીવાર આવા પ્રકારના ગુના આચરશે તેમજ સાહેદોના દામ દંડ ભેદ નીતીથી ફોડી નાખી પુરાવા સાથે ચેડાં કરીને કેસને નુકશાન કરે તેવી શક્યતા રહેલી છે. તે તમામ સંજોગો ધ્યાને લઇ અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, ચાર્જશીટ રજુ થવા માત્રથી કેસના સંજોગોમાં કે સજાની જોગવાઇમાં કોઇપણ જાતનો ફેરફાર કે બદલાવ થઇ જતો નથી તેમજ આ કામના  આરોપીની અગઉ ક્રીમીનલ પરચુરણ અરજ નંબર–૯૭૯/૨૦૨૫ની નામંજુર કરવામાં આવેલ હોય હાલના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪).. બંન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા બાદ મારી સમક્ષ રજુ થયેલ જામીન અરજી તથા એફ. આઇ. તથા કેસ પેપર્સ તથા ચાર્જશીટના‌ પેપર્સ વંચાણે લીધા.

(૫).. આ કામના આરોપી સામે ખેરાલુ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટ્રેશન નંબર–

૧૧૨૦૬૦૨૩૨૬૦૫૩૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૬).. બંન્ને પક્ષકારો તરફેની સમગ્ર રજુઆત તથા એફ. આઈ. આર.ની હકીકત તથા પોલીસ પપેર્સ જોતાં આ કામના આરોપીઓએ ભેગા મળી ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી આરોપી નંબર–૦૧ નાએ જાનથી મારી નાખવાના ઈરાદે સાહેદ ગોસ્વામી પિયુષને છાતી તથા પેટની વચ્ચે જમણી બાજુના ભાગે તથા જમણા કાનની ઉપરના માથાના ભાગે છરી મારી તેમજ આરોપી નંબર–૦૨ નાએ ફરીયાદીની છાતીની જમણી બાજુથી નીચે સુધી તથા બરડાના ભાગે છરીના ઘા કરી તેમજ આરોપી નંબર–૦૩ના એ સાહેદ મુકેશ ચૌધરી નાઓને જમણા ખભાના પાછળના ભાગે છરી મારી તેમજ ઉપરોકત ત્રણેય આરોપીઓએ ફરીયાદીના ભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો આચરેલાનો આક્ષેપ છે.

(૭).. વધુમાં આ જ ગુનાના સહ આરોપીને આ કામના અન્ય સહ આરોપીને નામદાર ગુજરાત હાઈકૉર્ટ દ્વારા R/Criminal Misc. Application (For Regular Bail–Befor Chargesheet) No.–711/2026, Da.20–02–2026 ના કામે જામીન મુક્ત કરેલ છે જેથી હાલના અરજદાર/આરોપીનો ગુનામાં રોલ ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકૉર્ટનો ચુકાદો રમેશભાઈ બટુકભાઈ ડાભી વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સિધ્ધાતો ધ્યાને લઈ અરજદારને લો ઓફ પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન મુક્ત કરવા યોગ્ય જણાય છે.

(૮).. વધુમાં નામદાર સુપ્રીમ કૉર્ટનો ચુકાદો સંજય ચંન્દ્રા વિ. સી.બી.આઇ.ના ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત ધ્યાને લઇ તથા હાલના આરોપી સ્થાનીક રહીશ છે જે જોતાં તેની ટ્રાયલના કામે હાજરી સુનીશ્ચીત જણાય છે તથા તેની સામે કોઇ ગુનાહિત ભુતકાળ નથી. તેમજ આરોપી સામે ચાર્જશીટ થઇ ગયેલ હોય અને હવે તપાસ કોઇ બાકી રહેતી ન હોય પુરાવા સાથે ચેડા કરી શકે તેમ નથી. તે તમામ હકીકતો ધ્યાને લઇ હાલના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયેની વિવેકબુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય જણાતું હોય. અરજદાર/આરોપીની જામીન અરજી સબબ નીચે મુજબનો હુકમ કરૂ છું.

### /// હુકમ ///

(૧).. પ્રસ્તૃત કામના અરજદાર/આરોપી, **ઠાકોર અર્જુનજી ઉર્ફે એકે દિવાનજી,** ઉ.વ.આ.– ૨૭, ધંધો.– મજુરી, રહે.– સંતોકપુરા, તા.– ખેરાલુ, જી.– મહેસાણાનાઓની ખેરાલુ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજીસ્ટ્રેશન નંબર–૧૧૨૦૬૦૨૩૨૬૦૫૩૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૯(૧), ૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે આરોપીને રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પુરાના સધ્ધર જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરેથી નીચેની શરતોની આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતોઃ–**

**(૧)** અરજદાર/આરોપીએ પોતાના ઓળખ અંગેના તથા હાલના તેમજ કાયમી સરનામા અંગેના દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાના રહેશે તથા અદાલતની પુર્વ પરવાનગી સિવાય સરનામું બદલવું નહી.

(૨) અરજદાર/આરોપીએ આવા પ્રકારના કે બીજો કોઈપણ પ્રકારના ગુન્હા કરવા નહી કે આચરવા નહિ.

(૩) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક ધમકી આપી અથવા તો પ્રલોભનો આપી અથવા તો કોઈપણ રીતે ફરિયાદપક્ષના સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહી તથા ટ્રાયલ પુરી થતાં સુધી નિયમીતપણે કૉર્ટમાં હાજર રહેવાનું રહેશે.

(૪) અરજદાર/આરોપી કોઈપણ શરતનો ભંગ કરશે તો ટ્રાયલ કૉર્ટ જરૂરી કાર્યવાહી કરી શકશે.

– જામીન નીચેની કૉર્ટમાં આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી કૉર્ટ તથા જે તે પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ ૧૨મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૨/૦૩/૨૦૨૬.
સ્થળ – વિસનગર.

**(નાસીર સૈયદુલ્લા સિદ્દિકી)**
Code No.GJ–00650
એડીશનલ સેશન્સ જજ, મહેસાણા,
મુ.વિસનગર.

પી.એસ., મહેશ જી. રાવલ.